*This Question Paper contains 8 printed pages.*

Sl. No. :

Seat No.: | | | | | | | |

# 337(G)

**(March, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 60 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) બૅન્ક સાથેના પત્રવ્યવહારમાં જ્યારે પણ નાણાંની કોઈ રકમનો ઉલ્લેખ થતો હોય ત્યારે તે કેવી રીતે લખવી જોઈએ ?
   (A) આંકડામાં
   (B) શબ્દોમાં
   (C) આંકડા અને શબ્દોમાં
   (D) રોમન આંકડામાં

2) મોટા શહેરમાં પાણી-પુરવઠો પૂરતા પ્રમાણમાં મેળવવા માટે કઈ સંસ્થા સાથે પત્રવ્યવહાર કરવો પડે ?
   (A) રાજ્ય સરકાર
   (B) મહાનગરપાલિકા
   (C) ગ્રામ પંચાયત
   (D) કેન્દ્ર સરકાર

P.T.O.

3) કર્મચારીઓને વ્યવસ્થાતંત્રએ ઘડેલ આચારસંહિતા વિશેની માહિતીથી માહિતગાર કરવા કયો પત્ર લખાય છે ?

(A) મેમો

(B) પરિપત્ર

(C) નોટિસ

(D) અરજીપત્ર

4) જ્યારે વીમાધારક વીમા લે છે ત્યારે વીમો, વીમા કંપની અને ધારક વચ્ચે શું બની જાય છે ?

(A) વીમા સેવા

(B) નાણાંની સલામતી

(C) નોંધણી

(D) કરાર

5) આરટીજીએસ (RTGS) નું પુરું નામ શું છે ?

(A) રિયલ ટાઈમ ગ્રેડ સેટલમેન્ટ

(B) રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ

(C) રિઝર્વ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ

(D) રિઝર્વ ટ્રેડ ગ્રોસ સેટલમેન્ટ

6) પ્રેઝન્ટેશનમાં કોણ કેન્દ્રસ્થાને હોવું જોઈએ ?

(A) પ્રેક્ષકો

(B) અધિકારીઓ

(C) નેતાઓ

(D) રજૂઆતકર્તા

7) શૅરની કેવી વહેંચણી શરૂઆતથી જ રદબાતલ છે ?

(A) અનિયમિત

(B) ગેરકાયદેસર

(C) જાહેર ભરણા પહેલાંની

(D) ખાનગી ધોરણે

8) બે હપ્તા વચ્ચેનો સમયગાળો ઓછામાં ઓછો કેટલો હોવો જોઈએ ?

(A) 1 માસ

(B) 2 માસ

(C) 3 માસ

(D) 4 માસ

9) શૅરહોલ્ડર પોતાના શેર પ્રમાણપત્ર કંપનીને પરત કરે તેને શું કહે છે ?

(A) શેરની પુનઃખરીદી

(B) શેર સોંપણી

(C) શેરના ભાગ પાડવા

(D) વેચાણની દરખાસ્ત

10) શૅર હોલ્ડર માટે શૅર ......

(A) જંગમ મિલકત છે.

(B) જવાબદારી છે.

(C) રોકડ મિલકત છે.

(D) અચલ મિલકત છે.

11) ફરજિયાત ફેરબદલીમાં ........

(A) સંમતિ જરૂરી છે.

(B) સંમતિ જરૂરી નથી.

(C) સંમતિ ગમે તે આપી શકે છે.

(D) કંપની રજિસ્ટ્રાર સંમતિ આપે છે.

12) કંપની ફડચા / વિસર્જન થાય ત્યારે ડિબેંચરધારકોને નાણા મેળવવાનો .....હક મળે છે.

(A) છેલ્લે ચુકવણી

(B) અગ્રિમ

(C) જવાબદારી

(D) શૂન્ય

13) ડિબેંચરધારકો તેમના હિતોના રક્ષણ માટે કોની નિમણૂક કરી શકે છે ?

(A) એડવોકેટ

(B) વહીવટી અધિકારી

(C) ડિબેંચર ટ્રસ્ટી

(D) શેરધારક

14) સંયુક્ત શેર ધરાવનાર વ્યક્તિઓ પૈકી કંપની કોના નામે પત્ર વ્યવહાર કરે છે ?

(A) પ્રથમ વ્યક્તિના નામે

(B) બધીજ વ્યક્તિઓના નામે

(C) બીજી વ્યક્તિના નામે

(D) છેલ્લી વ્યક્તિના નામે

15) ખાનગી કંપનીમાં ઓછામાં ઓછા કેટલા સંચાલકો હોવા જોઈએ ?

(A) ચાર

(B) ત્રણ

(C) બે

(D) એક

16) કંપનીનું વ્યક્તિત્વ ..........

(A) સામૂહિક છે.

(B) વૈકલ્પિક છે.

(C) કૃત્રિમ છે.

(D) કોઈ વ્યક્તિત્વ નથી.

17) કંપની સભામાં મતદાન દરમિયાન સરખા મતો પડે ત્યારે કોણ પોતાનો મત આપી શકે છે ?

(A) ડિરેક્ટર

(B) લેણદારો

(C) સભાપતિ

(D) સેક્રેટરી

18) ખાસ ઠરાવની તરફેણમાં ઓછામાં ઓછા કેટલા સભ્યોની બહુમતી આવશ્યક છે ?

(A) 75%

(B) 51%

(C) 65%

(D) 40%

19) જાહેર કંપનીમાં ઓછામાં ઓછી કેટલી સભ્યસંખ્યા થાય તો કંપનીને ફડચામાં લઈ જઈ શકાય ?

(A) 7 થી ઓછી

(B) 2 થી ઓછી

(C) 4 થી ઓછી

(D) 10 થી ઓછી

20) ઓફિશીયલ લિક્વિડેટર પોતાનો મત કોને જણાવે છે ?

(A) સંચાલકોને

(B) ટ્રિબ્યુનલને

(C) સભ્યોને

(D) લેણદારોને

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેકનો 1 ગુણ છે.** [10]

21) વીમો શેની સામે રક્ષણ મેળવવાની વ્યવસ્થા છે ?

22) ઈ-લર્નિંગ અન્ય કયા નામથી ઓળખવામાં આવે છે ?

23) રજૂઆત એટલે શું ?

24) શૅર લિયન (શૅર પર વિશેષ હક) નો અર્થ આપો.

25) ડિમેટ ખાતું ક્યાં ખોલવામાં આવે છે ?

26) ગીરો ડિબેંચર એટલે શું ?

27) યુદ્ધ કે કટોકટી જાહેર થતાં કઈ વ્યક્તિનું સભ્યપદ સ્થગિત કરવામાં આવે છે ?

P.T.O.

28) કંપનીના પ્રથમ સંચાલકની મુદ્દત ક્યારે પુરી થયેલી ગણાય ?

29) કાર્યસૂચિનો અર્થ આપો.

30) લિક્વિડેટરની નિમણૂક થતાં કોની સત્તાનો અંત આવે છે ?

## વિભાગ - C

■ **નીચેના 31 થી 40 સુધીનાં પ્રશ્નોમાંથી કોઈપણ 7 ના ટૂંકમાં જવાબ આપો. દરેકના 2 ગુણ છે.** [14]

31) બૅંકને લખવામાં આવતા વિનંતી પત્રોમાં કયા પ્રકારના પત્રોનો સમાવેશ કરવામાં આવે છે ? તેની યાદી આપો.

32) કઈ સંસ્થાઓને 'સ્થાનિક સંસ્થાઓ' પણ ગણી શકાય ?

33) અપકર્ષ અંગેના સંજોગો જણાવો.

34) ગેર કાયદેસર શૅર વહેંચણી એટલે શું ?

35) શૅર સોંપણીના સંજોગો જણાવો.

36) અંશતઃ રૂપાંતરણક્ષમ ડિબેંચર એટલે શું ?

37) રૂપાંતરપાત્ર ડિબેંચરધારક કઈ રીતે સભ્ય બને છે ?

38) સંચાલકોની જવાબદારી કેટલા પ્રકારની હોય છે ?

39) સભાનોંધમાં કઈ કઈ વિગતોનો સમાવેશ થાય છે ?

40) ફરજિયાત વિસર્જનની પ્રક્રિયાનાં યોગ્ય અને ન્યાયી કારણો જણાવો. (કોઈપણ બે)

## વિભાગ - D

■ **નીચેના 41 થી 47 સુધીનાં પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેકના 3 ગુણ છે.** [15]

41) શૅર વહેંચણી અંગે સેક્રેટરીની ફરજો જણાવો.

42) શૅરના કાયદાકીય હસ્તાંતરણ અંગેના સંજોગો જણાવો.

43) શેર અને ડિબેંચર વચ્ચેનો તફાવત આપો. (ગમે તે ત્રણ મુદ્દા લખો.)

44) કંપનીનું સભ્યપદ કોણ મેળવી શકે ?

45) સંચાલકની લાયકાતો જણાવો.

46) કંપનીની સભાઓના વિવિધ પ્રકારો દર્શાવો.

47) લેણદારો દ્વારા સ્વૈચ્છિક વિસર્જનનો અર્થ અને વિધિ જણાવો.

## વિભાગ - E

**નીચેના 48 થી 53 સુધીનાં પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેકના 4 ગુણ છે.** [16]

48) હીરો સાઈકલ્સ સુરત વતી અંબિકા સાઈકલ્સ મેન્યુફેક્ચરિંગ નોઈડાને 500 સાયકલો ખરીદવા માટેનો ઑર્ડર આપતો ઈ-મેઈલ લખો.

49) શેર હપ્તા મંગાવવાની વિધિ સમજાવો.

50) સ્વૈચ્છિક ફેરબદલી અને ફરજિયાત ફેરબદલી વચ્ચેનો તફાવત જણાવો.

51) સભ્યપદનાં અંતના સંજોગો સમજાવો.

52) મેનેજિંગ ડિરેક્ટર અંગેની કંપની ધારાની નિમણૂંક અંગેની જોગવાઈઓ જણાવો.

53) સામાન્ય ઠરાવ અને ખાસ ઠરાવ વચ્ચેનો તફાવત દર્શાવો.

## વિભાગ - F

**નીચેના 54 થી 60 સુધીનાં પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. દરેકના 5 ગુણ છે.** [25]

54) તમારી બૅંક દ્વારા આપવામાં આવેલું ક્રેડિટકાર્ડ ખોવાઈ ગયું છે, તે અંગેની બૅંકને જાણ કરતો પત્ર લખો.

55) જાહેર આરોગ્ય ક્ષેત્ર આરોગ્ય વિભાગે કરેલી પ્રશંસનીય કામગીરીને બિરદાવતો પત્ર લખો.

P.T.O.

56) શહેરના જાહેર માર્ગો પર લારી ગલ્લાનું દબાણ વધવાથી પડતી મુશ્કેલીઓ અંગેનો પત્ર લખો.

57) કર્મચારીની બદલીનો આદેશ કરતો પત્ર લખો.

58) ઉમંગ પટેલ તેમની કંપનીમાંથી સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ (વી. આર. એસ.) લેવા માગે છે. આ અંગે વિનંતી કરતો પત્ર લખો.

59) હર્ષવર્ધન મહેતા મેડિક્લેઈમ પૉલિસી ખરીદવા માગે છે. આ અંગે વીમા કંપનીને તેમના વતી પત્ર લખો.

60) સ્વયં શિક્ષક-દિનની ઉજવણીના આયોજન અંગે સમિતિ અહેવાલ રજૂ કરો.